સમસ્ત ખરક જ્ઞાતિનું ઇ-માસિક પત્ર

# ખરક સમાજ દર્પણ

તંત્રી : આનંદ સેતા

કાર્યાલય : ૩૭, મહાલક્ષ્મી, વી.ટી.નગર, મહુવા - ૩૬૪ ૨૯૦.

E-mail : kharaksamajdarpan@gmail.com / Mo. 99254 87956

વર્ષ : ૧ એપ્રિલ - ૨૦૨૧ અંક : ૪ (પેઇજ : ૫)

## તંત્રી સ્થાનેથી



માણસે જીવનમાં હંમેશા હકારાત્મક વિચારવું જોઇએ. જે બીજાની 'પંચાત' માં પડયા રહે છે તે કયારેય નામ કે સારા કામ કરી શકતા નથી.

કુથલી, નિંદા અને કોઇની પ્રગતિ પ્રત્યે અણગમો તે બીજાને નહી આપણને જ નુકશાન કરે છે. 'તરુણ એન્જિનિયર' ના પુસ્તક 'મોટું વિચારો, મોટા બનો' માં Positive શબ્દની સરસ વાત કરી છે જોઇએ...

**PATIENCE :** એટલે ધીરજ રાખો. કેમ કે ધીરજ સફળતાની સૌથી મોટી ચાવી છે. જો તમારામાં ધૈર્યશક્તિ છે, તો સ્વાભાવિક છે કે તમારા મનમાં કયારેય પણ નકારાત્મક વિચારો ન આવી શકે. 'મને આ તક ન મળી', 'કાશ મારું સંતાન ભણવામાં હોશિયાર હોત', 'પતિની નોકરી છૂટી ગઇ હવે શું થશે' જેવી વાતો માટે રડતા રહેવાથી કંઇ મળતું નથી. જો તમે આવી સ્થિતિમાં ધીરજ રાખશો અને પરિસ્થિતિઓને ઉકેલવાનો રસ્તો શોધશો, તો એ ચિંતાથી દૂર થઇ શકશો.

**OPTIMISTIC :** એટલે આશાવાદી બનો. કેમ કે આશાઓ જ તમને સફળતાનાં પગથિયાં સુધી પહોંચાડે છે. નિરાશા તમને હતાશ કરે છે - 'હું કેમ ન કરી શકું?', 'આ વખતે તક મને જ મળશે', તમે આવા જ વિચારો કરો. એમ ન વિચારો કે મારું નસીબ જ સારું નથી. 'સમગ્ર દુનિયાને મારાથી પરેશાની છે.' તમે એક વખત તો આશાવાદી બનીને જુઓ. તમારી બધી જ મુશ્કેલીઓ આપોઆપ જ દૂર થઇ જશે.

**SATISFACTION :** એટલે સંતોષ રાખો. કેમ કે જયારે તમે પોતાની અંદર સંતોષનો ભાવ ઉત્પન્ન કરશો એ જ પળથી તમે હકારાત્મક વિચારવાનું શરૂ કરી દેશો અને બિનજરૂરી તણાવથી બચી જશો. જે મળ્યું છે, જેટલું મળ્યું છે, એમાં જ સંતોષ રાખો. કહેવાય છે કે, 'સંતોષમ્ પરસુખમ્' સંતોષથી વધીને બીજું કંઇ જ નથી. આથી જ જાણીતા મનોચિકિત્સક પ્રભાર પાન્ડે કહે છે, 'તણાવની સ્થિતિમાંથી બચવા માટેનો એકમાત્ર ઇલાજ સંતોષ છે.'

**INSPIRATION :** એટલે પ્રેરણા મેળવવી. એ સાચું છે કે દરેક પોતાના જીવનમાં કોઇને કોઇથી પ્રેરિત હોય છે. જેઓ જીવનને જિંદાદિલીથી અને ખુશીથી જીવવા માંગે છે તેઓ પ્રેરણાદાયી લોકો પાસેથી પ્રેરણા મેળવે. દરેક વ્યક્તિની અંદર કંઇક ને કંઇક સારા પાસા જરૂર હોય છે. કોઇ વ્યક્તિ ધૈર્યવાન, તો કોઇ હકારાત્મક વિચારસરણી રાખતી હોય છે, તો કોઇ સતત જાગ્રત હોય છે. તમે એમનામાં રહેલા ગુણોથી પ્રેરિત થઇને તમારી અંદર પણ હકારાત્મક ભાવ જન્માવી શકો છો.

**TARGET :** એટલે લક્ષ્ય નક્કી કરો. કેમ કે જો તમારું લક્ષ્ય નક્કી હશે તો તમને નિરાશા કે હતાશાનું મોં નહીં જોવું પડે. તમારે શું કામ કરવું છે? કયારે શરૂ કરવું છે? કયાં શરૂ કરવું છે? તે નક્કી કરવું જરૂરી છે. સાથે જ તેના વિકલ્પો પણ તૈયાર રાખવા જરૂરી હોય છે. જો લક્ષ્ય સ્પષ્ટ હોય તો તેને મેળવવું આસાન બની જાય છે. એ ન વિચારવું જોઇએ કે 'હું ઇજનેર નહીં બનું, તો ડૉક્ટર બનીશ, નહીં, તો સંગીતનું ક્ષેત્ર પસંદ કરીશ અને જો એ શકય નહીં બને તો આવી રીતે જ જીવન જીવી લઇશ'

**IDEAL :** એટલે આદર્શ બનો. તમારા વ્યક્તિત્વને એવું બનાવો કે બીજા તમને પોતાના આદર્શ માને. જયારે તમે કઠણ પરિસ્થિતિઓમાં પણ પોતાનું માનસિક સંતુલન જાળવી રાખો ત્યારે ચોતરફ ખુશીઓ હશે. વિચારો કે આખરે તમે તમારાં માતા પિતા અથવા ગુરુને પોતાના આદર્શ કેમ માનો છો? તેમનામાં જરૂર એવા કેટલાક ગુણ હશે, જે તમને પ્રભાવિત કરતા હશે, તો તમે પણ આખરે કેમ બીજાના આદર્શ ન બનો.

**VICTOR :** એટલે વિજેતા બનવું. વિજેતા બનવા માટે તમારું લક્ષ્ય નક્કી કરો, પણ જો સફળતા પ્રાપ્ત ન થાય તો નિરાશ ન થાઓ. ફરીથી બમણા ઉત્સાહ સાથે તેના માટે લાગી જાઓ. જીત અને હાર જીવનમાં મળતી જ રહે છે. હાર મળવાથી નિરાશ થઇને ન બેસો, ખુદને સમજાવો. વારંવાર કહો કે, 'હું એક દિવસ જરૂર સફળ થઇશ.'

**EASY :** એટલે સરળ બનો. જે લોકો સરળ અને સહજ જીવન જીવે છે તેમનામાં કયારેય પણ નકારાત્મક વિચાર નથી આવતા. આભાસી જીવન જીવવા કરતા સારું એ રહેશે કે વાસ્તવિકતામાં જીવો. એમાં કયારેય પણ તમારે મુશ્કેલીનો સામનો નહીં કરવો પડે. ઘર-પરિવારમાંથી માંડીને પ્રોફેશનલ જીવન સુધી સરળતા જરૂરી છે. અસહજતા ફકત તમારા સફળતાના માર્ગમાં અવરોધ જ નહીં બને, પણ તેવા વ્યવહારથી બીજા લોકો પણ અંતર રાખવા લાગે છે.

આ છે Positive વિચારોનું રહસ્ય અને વિચારવામાં રામબાણ જેવું કામ કરે છે. જે લોકો આ વાતોનું અનુસરણ કરે છે તેઓ મોટા વ્યક્તિ બની શકે છે.

આનંદ સેતા
(તંત્રીશ્રી, ખરક સમાજ દર્પણ, મહુવા)

## આસ્થા-દર્પણ

કોરડિયા પરિવારના કૂળદેવી



તળાજા તાલુકાના ઠળિયા ગામે મોહનભાઇ તથા ગોવિંદભાઇ ભોજાભાઇ કોરડિયાની વાડીમાં કોરડિયા પરિવારનો મઢ ૨૫ વરસ જૂનો છે. કોરડિયા પરિવારનો બીજો મઢ ભુંભલીમાં પણ છે. ઠળિયાના મઢમાં હાલ ભવા તરીકે શ્રી શામજીભાઇ તથા નાગજીભાઇ છે. સંપર્ક : ઓઘડભાઇ : ૯૫૧૦૬૩૯૨૯૨

## જ્ઞાતિ 1 પ્રથમ



સમસ્ત ખરક જ્ઞાતિમાં પ્રથમ એન્જીનિયર (બી.ઇ. સીવીલ) ૧૯૭૦ બનનાર ગોપાલભાઇ ઘુઘાભાઇ પટેલિયા (૧૯૪૫) નાયબ કાર્યપાલક ઇજનેર તરીકે મહુવામાં કામગીરી બજાવેલ છે.

## કરલો દુનિયા મુઠ્ઠીમેં

(વિદેશ વસતા જ્ઞાતિબંધુઓ)



દેશ : સ્વીડન
નામ : રમેશભાઇ હરિભાઇ ઠંઠ
પિતાનું નામ : હરિભાઇ માવજીભાઇ ઠંઠ
મુળ વતન : તરેડ. જી. ભાવનગર.
અભ્યાસ : B.E. Mechanical L.D. College of Engg.
કાર્યક્ષેત્ર : મશીન ડિઝાઇન
અનુભવ : ૧૮ વર્ષ
કંપની : એલ એન્ડ ટી ટેકનોલોજી સર્વિસ
હોદ્દો : પ્રોજેક્ટ લીડર
નિવાસ : Angelholmsgatan 6 Lgh 1403 21422 Malmo, Sweden
પરિવાર : ઉર્મિલા (પત્ની) રીષભ (પુત્ર) દિપ (પુત્ર)
સંપર્ક : +૪૬ ૭૩૩૩૬ ૩૯૫૨

## ચિંતન — ચાલો જીવી લઈએ...



આયશા-આરીફની દહેજ માંગણી સામે હારી વિડિયો બનાવી બધાને અલવિદા કરી સાબરમતિમાં કૂદી પડે છે. આ ઘટનાએ ગુજરાતના સંવેદનશીલ લોકોને હચમચાવી નાખ્યા છે. જાણીતા કોલમીસ્ટ કાજલ ઓઝા લખે છે 'આયશા, માફ કરાય, મરી ન જવાય' કારણ આવી ઘટના બીજાને પણ આવુ કરવા પ્રેરે છે. 'આપઘાત કરનારા માને છે કે તેઓ દર્દનો અંત લાવી રહ્યા છે પરંતુ તેઓ પોતાનું દર્દ પોતાના સ્વજનોને આપી રહ્યા છે!' જિનેટ વોલ્સની વાત સાચી છે.

આત્મહત્યા લખું છું તો મારી સામે અનેક યુવાનો, યુવતીઓ, ગૃહિણીઓ, વિદ્યાર્થીઓ, વૃધ્ધો અને સમાજની એવી વ્યક્તિના ચહેરાઓ નજરે તરવા લાગે છે કે જેમને મળ્યા પછી મરવાના વિચાર મરી જાય તેવા લોકો જયારે આપણી વચ્ચે નથી ત્યારે હૃદય એકાદ ધબકાર ચૂકી જાય છે. જિંદગી ભગવાનની ભેટ છે તેને આમ વેડફી ન દેવાય. સેનેકાએ ખરું જ કહ્યું છે કે 'કયારેક જીવી જવું તે પણ હિંમતનું કામ છે.'

માણસને આત્મહત્યાના વિચાર કેમ આવતા હશે? આપઘાતના કારણો તપાસીએ તો કૌટુંબિક પ્રશ્નો, ભણતરમાં નિષ્ફળતા, માંદગી, નશીલા પદાર્થ, પ્રેમમાં નિષ્ફળતા, મુખ્ય છે આ સિવાય ધંધામાં ખોટ જવી, દહેજનું દુષણ, નોકરી ન મળવી, ગરીબાઇ, આબરૂ જવાની બીક, વૈવાહિક જીવનમાં ગડબડ, આડા સંબંધો મિલ્કતના પ્રશ્નો, છુટાછેડા, હતાશા, લઘુતાગ્રંથિ વગેરે હોય શકે. જિંદગી પોપીન્સની ખટ-મીઠી ગોળી જેવું છે. કયારેક મસ્ત ટેસ્ટ આવે કયારેક મોં બગડી જાય. જીવન છે તો સમસ્યાઓ આવવાની પણ દરેક સમસ્યા તમને મજબુત કરે છે 'સર સલામત તો પઘડિયાં બહોત' કહેવત જાતને જીવંત રાખવાનો સંદેશો આપે છે.

આત્મહત્યાના ઉપાયમાં સૌથી પહેલી વાત વિધાયક દૃષ્ટિકોણની છે. માણસે તુકારામ પાસેથી તે શીખવાનું છે. ખેતરેથી આખો ભારો શેરડીનો લઇ આવનાર તુકારામે રસ્તામાં મળતાં બાળકોને શેરડી વહેંચી દીધી તો તેની કર્કશા પત્નિએ ભાવેલ એક શેરડી તુકારામની પીઠમાં મારી. શેરડીના બે ભાગ થઇ ગયા તો તુકારામે હસતા હસતા કહ્યું કે મને ખબર હતી કે તું એકલી નહી ખાય. કેવા સરસ બે ભાગ કરી દીધા. મુશ્કેલીને પણ મસ્તીમાં ફેરવી નાખી. રામાયણમાં રાજ્યાભિષેકના બદલે 'વલ્કલ' મળ્યા પછી પણ રામ પ્રસન્ન છે તે બતાવે છે કે સુખે દુઃખે સમેકૃત્વા ગણીને જીવવાનું છે.

બીજું દરેક વ્યક્તિએ પોતાના ડીયર અને નીયર આગળ ખુલ્લું રહેવું જોઇએ એકલા એકલા મુંઝાઇ કરવા કરતાં બીજા સાથે પોતાની મૂંઝવણ શેર કરીએ તો જરૂર ઉપાય જડી રહે.

મા-બાપે ખલીલ જિબ્રાનની વાત સમજી લેવાની જરૂર છે. બાળકો આપણા દ્વારા આવે છે પણ આપણે તેના માલિક નથી. તમારા સપનાનો ભાર કયારેક તેને આત્મહત્યા સુધી દોરી જાય છે તેને તેના રસ, રુચિ અને ક્ષમતા મુજબ વિકસવા દો, ખીલવા દો. સચિન, મોરારિબાપુ, ગાંધીજી, આલ્બર્ટ આઇન્સ્ટાઇન, રાજકપુર, ઇન્દીરા ગાંધી આ બધા ઓછા માર્કસ લાવનાર કે નાપાસ થનાર છે પણ તેમણે 'ફેઇલ્યોર ઇઝ અ ચાન્સ ટુ સકસેસ' અપનાવ્યું અને દૂનિયામાં નામ પામ્યા. બાળકને સમજવા કોશિશ કરો મિત્ર જેવું વર્તન કરો.

માણસ સંયુકત કુટુંબમાં રહે તો ડીપ્રેશન મુકત બની શકે તેથી એકલવાયાપણું કે સેલ્ફીશવૃત્તિ છોડી 'મોજમાં રે'વું' જોઇએ. લાગણી જીવનામૃત છે તે માણસને જીવતાં શીખવે છે. દહેજ, મેણા ટોણા, સરખામણી, ઈર્ષા અને ભૌતિકતાનો નશો મોતના દરવાજા છે તેનાથી બચવું. આર્થિક બાબતે નિરાશ થવાનું કોઇ કારણ નથી. અમિતાભ બચ્ચને ધંધામાં અનેકવાર ખોટ ખાધી પરંતુ આ ઉંમરે પણ તેની જીવવાની અને જીતવાની વૃત્તિ બેમિસાલ છે. 'જીવતો નર ભદ્રા પામે' તે કહેવત મુજબ મથતાં રહેવું, જરૂર જીતશો.

માણસમાં સહનશક્તિ ઘટતી જાય તેના કારણે પણ માણસ ખોટું પગલું ભરી લે છે. દુઃખ, મુશ્કેલી કે નિષ્ફળતા વગર દુનિયામાં કોણ સફળ થયું છે? પાંડવો કેટલીવાર મુશ્કેલીઓમાં આવી ગયા. પણ કૃષ્ણની ગીતા બંસરીએ તેમને વિજય અપાવ્યો. ધર્મ, હકારાત્મક વિચારો કે પછી મહાપુરુષોના જીવનચરિત્રો રામાયણના કે મહાભારતના પાત્રો, સારી ફિલ્મો કે પુસ્તકો તમારામાં સાચી ઊર્જા ભરી શકે છે.

અંતમાં પૂ. પાંડુરંગ શાસ્ત્રીનું વાક્બ્રહ્મ આપણને સૌને ઘણું કહી જાય છે. ચાલો, જીવી લઇએ... જીવનમાં જે જે પામીએ તે પ્રભુપ્રેષિત છે એ સમજાય તો મન વિચારવા લાગે કે પ્રભુ આપણને શા માટે આપે છે? પ્રભુ સુખને બક્ષિસરૂપે મોકલે છે અને દુઃખને આપણી મક્કમતા વધારવા.

- લક્ષ્મણભાઇ ભુત (શીખંડ સમ્રાટ) મહુવા.

## અભિનંદન



નિયુકિત : ભદ્રાવળ - ૩ ના રહીશ ડૉ. લાખાભાઇ કુચાની નિમણૂંક સેલટેકસ ઇન્સ્પેકટર તરીકે એનફોર્સમેન્ટ ડીવીઝન અમદાવાદ (વેસ્ટ) ખાતે તા. ૧/૨/૨૧ના રોજ થયેલ છે. તેઓ ઊંચડિયા હનુમાનમાં અનન્ય શ્રધ્ધા ધરાવે છે. તેમની મનોકામના પૂર્ણ થતા તેમનો પહેલો પગાર રૂા. ૪૦,૦૦૦/-તેમણે હનુમાનજીના ચરણમાં ધરી આસ્થાનું ઉદાહરણ પુરું પાડેલ છે.



મહુવા જૂથ મંડળીના ઉપપ્રમુખ તરીકે જયેશભાઇ સેતાની વરણી થયેલ છે. ખરક સમાજ દર્પણ તેમને અભિનંદન પાઠવે છે.



ઉપેન્દ્ર વાઘજીભાઇ ખોડિફાડ (કુંઢડા) ની તા. ૧/૪/૨૧ના રોજ UGVCL થરાદ સબડીવીઝન (બનાસકાંઠા) માં જુનિયર આસિ. તરીકે નવી નિયુકિત થયેલ છે.

## આપણો વારસો અને વૈભવ

### પહ અને ફૂલેકું



લગ્ન એક અનિવાર્ય સામાજિક જરૂરિયાત છે લગ્ન પહેલાં છોકરા છોકરીઓના વેવીશાળ કરવામાં આવે છે એટલે કે તેને સામાજિક બંધનથી બાંધવામાં આવે છે. ત્યારબાદ લગ્નની તિથિ નક્કી કરવામાં આવે છે. જાનની આગલી રાતે પીઠી અને પહની વિધિ કરવામાં આવે છે.

વરરાજા કે કન્યાને તૈયાર કરી હાથમાં નાળિયેર અને ચોખા આપી પહ ભરવામાં આવે છે. આ પહ કન્યા કે વરની માતા નહી પણ કાકી અથવા ભાભી દ્વારા ભરવામાં આવે છે. પહેલાના જમાનામાં બ્યુટી પાર્લર નહોતા તેથી કન્યા કે વરને જરી અને સતારાથી શણગારવામાં આવતા વરરાજા ચોરણી, બંડી, સર અને માથે મજાનો સાફો બાંધે અને પાવરથી ચાલતી નાની ગલોપડી સાફાના છોગામાં ગોઠવીને પછી વરરાજાને ઘોડા ઉપર બેસાડી અને કન્યાને ચાલતા ગામના ચોક સુધી ફૂલેકારૂપે લઇ જવામાં આવતાં ગામનો બાબર મશાલ કે પેટ્રોમેકમ માથે લઇને ચાલતો ત્યારે વીજળીનો અતોપતો ન હતો. રસ્તામાં સંબંધી કે ગ્રામજનો ૨-૫ રૂપિયા રોકડા આપી ફુલેકું વધાવે અને વધાવનારને ખારેક કે પતાસા આપવામાં આવતા. ચાંદની રાતમાં ચમકતી કન્યા માટે બહેનો ગીત ઉપાડે છે...

ચમકે ચમકે ચાંદલિયો ચમકે છે<br>
બહેનના હાથપગ જરીએ ઝબકે છે<br>
બહેનના દાદા આવ્યા અને માતા આવશે<br>
બહેનના મોટા બાનો હરખ ન માય<br>
ચમકે ચમકે ચાંદલિયો ચમકે છે

તો વળી વરરાજાની મોજડી જોઇને ગીતમાં વર્ણન શરૂ થઇ જાય...

મખમલની મોજડી ભરત ભરેલી<br>
ટીકી ટાંકીને કાનજીભાઇ નીકળ્યા<br>
ઠળિયા ગામના લોકો વળી વળી પૂછે<br>
આરે મોજડી કયાંથી વોરી લાવ્યા<br>
તો જયારે ફુલેકુ ઘરે આવે ત્યારે<br>
ફરી ફૂલેકે ફળિયે રે આવ્યા<br>
ભોજાઇ વધાવવા આવ્યા રે...

આ મજાનો પ્રસંગ હજુ ઘણા ગામડાઓમાં શરૂ છે પરંતુ અસામાજિક તત્વોની કનડગતથી ઘણા ગામમાં બહાર ફરવાનું બંધ થયુ અને ઘરે જ પહ ભરવાનું શરૂ થયું. પહના બીજા દિવસે બળદગાડામાં જાન જતી.

- ખાટાભાઇ રાજાભાઇ વળિયા (મહુવા)

## વ્યકિત વિશેષ

## સ્વ. વાયલુ કેશવજીભાઇ દેવજીભાઇ



નામ : વાયલુ કેશવજીભાઇ દેવજીભાઇ
જન્મ : ૪ જાન્યુઆરી ૧૯૪૫ મોરંગી. તા. રાજુલા. જી. અમરેલી.
મૃત્યુ : ૩૦/૩/૨૦૨૧ (ઉ.વ. ૭૭)
પરિવાર : પિતા : દેવજીભાઇ વાયલુ માતા : ઓતીબેન વાયલુ, પત્ની : ધોળીબેન, પુત્રો : દિલીપભાઇ તથા મહેશભાઇ, પુત્રીઓ : ૪ પુત્રીઓ છે, જે સાસરે છે તો ત્રણભાઇ ઓનું આ સંયુકત કુટુંબ જે ૨૮ વ્યકિતઓનું છે અને તે એક રસોડે જ જમે છે.
અભ્યાસ : પ્રાથમિક શિક્ષણ : મોરંગી પ્રાથમિક શાળા - મોરંગી, ધોરણ ૪ - ૧૧ : શેઠ એમ.એન. હાઇસ્કૂલ - મહુવા, પ્રી. યુનિ. સાયન્સ : સર પી.પી. ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ - ભાવનગર
વ્યવસાય : ખેતી, વેપાર - કમિશન (વી. જેન્તીલાલ એન્ડ કું.), ડીહાઇડ્રેશન : કૃષિ ફુડ ઇન્ડસ્ટ્રીઝ (મુ. મોરંગી), કલાસિક ફૂડ (મુ. ધુલીયા, મહારાષ્ટ્ર) ૧૩૯૬ માં અભ્યાસછોડી મોરંગીમાં ખેતીનો વ્યવસાય સંભાળ્યો.
કારકિર્દી : ૧૯૮૪ માં મહુવા મુકામે વેપાર માટે વી. જેન્તીલાલ એન્ડ કું. નામની કમિશન ઓફિસ. ૧૯૯૧ માં મોરંગી મુકામે ડીહાઇડ્રેશન પ્લાન્ટની સ્થાપનાથી ઉધ્યોગમાં પદાર્પણ કર્યું.
વ્યવસાય અંગે : ખેતીમાં નવા સુધારા તથા ઉધ્યોગ વિકાસનો પાયો નાખ્યો અને ગામડાના ખેડુતને ટપક સિંચાઇ, તથા આધુનિક ખેતી તરફ પ્રેર્યા.
સામાજીક કારકિર્દી : ૧૯૮૧ થી આજ દિન સુધી શ્રી ખરક જ્ઞાતિ કેળવણી સહાયક સમાજના મુખ્ય ટ્રસ્ટી તરીકે સેવા આપી. મહુવામાં ખરક જ્ઞાતિ વિદ્યાર્થી છાત્રાલય, મહુવામાં કન્યા છાત્રાલય, ભાવનગરમાં ખરક જ્ઞાતિ વિદ્યાર્થી છાત્રાલય, ભાવનગરમાં કન્યા છાત્રાલય, તેમના આ સામાજીક કાર્યોથી, આજે ખરક જ્ઞાતિ ૬૦ જેટલા ડૉકટરો તથા વેપાર, ઉધ્યોગ, નોકરી ક્ષેત્રે સમગ્ર ખરક જ્ઞાતિનો શૈક્ષણિક વિકાસ થયો છે. ૧૯૮૦માં સમાજના કુરીવાજો દુર કરવા માટે, લગ્ન જમણવાર ફકત ૧ વખત કરવાની શરૂઆત મોરંગી ગામે કરી હતી. ૧૯૯૦માં મોરંગીમાં ખરક જ્ઞાતિની વાડી સ્થાપના અને નિર્માણમાં મહત્વનું યોગદાન. ૧૯૯૫માં ખરક જ્ઞાતિને ઓ.બી.સી. માં લાવવા સફળ પ્રયત્ન. ૧૯૯૫ માં મરણ પ્રસંગે ૧ વખત કરવાની શરૂઆત મોરંગી ગામે કરી હતી. મોરંગી ગામે ૨૮ લાખના ખર્ચે બનેલ મંદિરમાં સહયોગ અને માર્ગદર્શન આપ્યું.
રાજકીય કારકિર્દી : ૧૯૫૩ માં મોરંગી સેવા સહકારી મંડળીની સ્થાપના કરી, તેમજ ૧૯૬૨ની ચીનની લડાઇમાં નેતા કલ્યાણજીભાઇ મહેતા (ડુંગર) ને રજત તુલા કરી તેનું દાન લડાઇમાં આપેલ છે. ૧૯૭૮ થી ૧૯૮૩ સુધી મોરંગી ગામના સરપંચ તરીકે સેવા આપી. ૧૯૭૮માં મોરંગી દુધ મંડળીની સ્થાપના કરી જે હાલ ચાલુ છે. ૧૯૯૫ થી આજ દિન સુધી મોરંગી વિકાસ સેવા સહકારી મંડળીના પ્રમુખ તરીકે સેવા ચાલુ છે. ૨૦૧૪માં કુંભકોના ડેલીગેટ તરીકે પાંચ વર્ષ માટે ચુંટાયા. રાજુલા તાલુકા સહકારી ખરીદી - વેચાણ સંઘના ડીરેકટર છેલ્લા ૧૫ વર્ષથી સેવા ચાલુ છે. તેમજ રાજુલા એ.પી.એમ.સી. ના ડીરેકટર તરીકે ૨૦૦૭-૨૦૧૧ સેવા આપી.
જીવનનો ઉદ્દેશ : સમાજનું ઋણ અદા કરી શ્રેષ્ઠ જીવન જીવવું.

## શબ્દાંજલી



સ્વ. કેશવભાઇ વાયલુ જ્ઞાતિના જ નહીં પરંતુ સર્વજ્ઞાતિના સર્વ માન્ય સમાજસેવક હતા. વાતો ઓછી અને કામ ઝાઝું માં માનનાર કેશવભાઇ રાજકીય, સામાજીક, શૈક્ષણિક ક્ષેત્રના 'ભુષણ' હતા. કેન્દ્રના મંત્રીથી લઇ જ્ઞાતિનો નાનામાં નાનો માણસ પણ 'મોરંગી' માં તેનું આતિથ્ય માણ્યા વગર જઇ ના શકતો. ખેતી, કેળવણી, ઉધ્યોગ કે સહકારના ક્ષેત્રમાં તેઓ શિરમોર હતા. ખરક જ્ઞાતિની કેળવણીમાં મૂક સેવક તરીકે તેમનું અજોડ પ્રદાન રહ્યું. આવા 'જ્ઞાતિ-રત્ન' પાસેથી આપણે પ્રેરણા લઇને કામ કરીએ તે જ સાચી કૃતજ્ઞતા ગણાશે.

- નાથાલાલ વાયક (અમદાવાદ)



૧૯૮૧થી આજદિન સુધી તેઓએ શ્રી ખરક જ્ઞાતિ કેળવણી સહાયક સમાજના મેનેજિંગ ટ્રસ્ટી તરીકે જવાબદારી સંભાળી જ્ઞાતિના કેળવણી મંદિરો ઊભા કરવામાં અમૂલ્ય યોગદાન આપ્યું છે. જટીલ પ્રશ્નોને સહજતાથી અને સામાન્ય પ્રશ્નોને ગંભીરતાથી ઉકેલવાની આગવી સૂઝ ધરાવતા કેશવભાઇ માટે સમગ્ર જ્ઞાતિ સદાય ઋણી રહેશે. - વિઠ્ઠલભાઇ કોરડિયા (મહુવા)



સહકાર, સંગઠન અને સેવાને વરેલા મોરંગી ગામના ખરક જ્ઞાતિના આગેવાન સ્વ. કેશવભાઇ વાયલુ ભારતીય જનતા પાર્ટીના સાચા સૈનિક હતા એટલું જ નહીં અમારા માટે પિતાતુલ્ય માર્ગદર્શક હતા. સમગ્ર રાજુલા પંથકમાં તેમની કાર્ય સુવાસ સદાય મઘમઘતી રહેશે.

- હિરાભાઇ સોલંકી (રાજુલા)

## પ્રતિનિધિ ગામે ગામ



લાખાભાઇ અરજણભાઇ ભોજાણી
(નિવૃત, મદદનીશ શિક્ષણ નિરીક્ષક, જિ.શિ. કચેરી, ભાવનગર)
અંકલેશ્વર
મો. ૯૪૨૭૫ ૬૦૫૪૪



કૌશિકકુમાર વલ્લભભાઇ કામળિયા
(વિશ્વગુરૂ વિદ્યાપીઠ - તળાજા)
પાદરી
મો. ૮૬૯૬૦ ૭૨૬૭૨



પટેલિયા રમેશભાઇ કાનાભાઇ
(શ્રી કૃષ્ણ ડેરી, વડલી/મહુવા)
વડલી
મો. ૮૯૮૦૨ ૦૪૨૨૦



જયંતિભાઇ ખીમજીભાઇ ચૌહાણ
(સી.આર.સી. મોટી પાણીયાળી)
ભદ્રાવળ-૧
મો. ૯૯૭૪૯૩૮૧૬૩



અશોકભાઇ માધાભાઇ ભોજાણી
(મ.શિ. ભીંકડા પ્રા. શાળા - ભીંકડા)
ભંડારિયા
મો. ૯૪૨૬૯ ૭૯૦૧૯



ભાવેશભાઇ વિઠ્ઠલભાઇ ટાઢા
(મ.શિ. પ્રાથમિક શાળા, નૈપ)
નૈપ
મો. ૯૭૨૪૮૧૯૧૧૫

## મૃત્યુ નોંધ

ધારડી : સોલંકી ઓઘડભાઇ રામજીભાઇ (૭૪) તા. ૭/૩/૨૧
મહુવા : ખોડિફાડ મનુભાઇ બચુભાઇ (૭૨) તા. ૯/૩/૨૧
કુંભણ : વળિયા હીરાભાઇ ભોળાભાઇ (૬૮) તા. ૯/૩/૨૧
ભંડારિયા : કુચા પુનાભાઇ ભાણાભાઇ (૬૫) તા. ૧૨/૩/૨૧
મહુવા : વાળાકી અજવાળીબેન ભાણાભાઇ (૯૫) તા. ૧૪/૩/૨૧
નૈપ : ટાઢા વિશાલભાઇ સુથાભાઇ (૨૪) તા. ૧૫/૩/૨૧
ભોરડા : કુચા જસીબેન બાલાભાઇ (૭૫) તા. ૧૮/૩/૨૧
પીથલપુર : ખોડિફાડ સીયાબેન મુનાભાઇ (૭ માસ) તા. ૨૦/૩/
મહુવા : વળિયા શામજીભાઇ રવજીભાઇ (૭૩) તા. ૨૩/૩/૨૧
નૈપ : વાળાકી સવજીભાઇ રઘાભાઇ (૬૮) તા. ૨૫/૩/૨૧
મોરંગી : વાયલુ કેશવભાઇ દેવજીભાઇ (૭૭) તા. ૩૦/૩/૨૧
તણસા : ઠંઠ મનજુબેન રાણાભાઇ (૫૮) તા. ૩૧/૩/૨૧
દાઠા (વસઇ) : કામળિયા સમજુબેન રામજીભાઇ (૮૦) તા. ૪/૪/
વાળુકડ : પટેલિયા જશોદાબેન નાનજીભાઇ (૭૦) તા. ૪/૪/૨૧
ખંઢેરા : વળિયા માવજીભાઇ રઘાભાઇ (૫૩) તા. ૪/૪/૨૧
ભાદ્રોડ : વાયક જીવાભાઇ વીરાભાઇ (૮૪) તા. ૪/૪/૨૧
ઠળિયા : ટાઢા રવજીભાઇ મનજીભાઇ (૬૫) તા. ૭/૪/૨૧
ભુંભલી : સેંતા રામુબેન નાનજીભાઇ (૬૦) તા. ૮/૪/૨૧
ઠળિયા : ટાઢા લક્ષ્મણભાઇ ચકુરભાઇ (૫૨) તા. ૮/૪/૨૧

## ખરક સમાજ દર્પણ

ખરક સમાજ દર્પણ વરસમાં મે તથા ઓકટો. માં વેકેશન પાળતું હોવાથી આગામી અંક હવે મે ના બદલે જુન મહિનાની ૧૦મી તારીખે 'શિક્ષક વિશેષાંક' તરીકે પ્રગટ થશે.

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

digit CSC

SBI

SBI general INSURANCE



**શ્રી વિવેકાનંદ ઓનલાઈન**
શોપ.નં-૬, ગૌતમેશ્વર શોપીંગ
ભગવતી ચોક, કાળિયાબીડ, ભાવનગર
**નિલેશ પી. ટાઢા**
9328742121

જેનિલ

**SBI ગ્રાહક સેવા કેન્દ્ર**
શોપ.નં-૧૩, શિવરંજની કોમ્પ્લેક્ષ, SBI બેંકની
બાજુમાં ભગવતી સર્કલ, કાળિયાબીડ.
**રમેશ પી. ટાઢા**
9328722121



# શ્રી વિવેકાનંદ ઓનલાઈન

- ઓનલાઈન ફોર્મ
- પાસપોર્ટ ફોટો
- ST બસ ટિકીટ બુકીંગ
- બુક સ્ટોલ
- કલર પ્રિન્ટ
- ટ્રાવેલ્સ ટીકીટ બુકીંગ
- બાઈન્ડીંગ
- મોબાઈલ રિચાર્જ
- કુરીયર સર્વિસ
- સ્પાઈરલ
- ડિશ ટીવી રિચાર્જ
- ઝેરોક્ષ
- પાનકાર્ડ
- આધાર કાર્ડ ડાઉનલોડ
- RTO ના ફોર્મ

# SBI ગ્રાહક સેવા કેન્દ્ર

- ATM કાર્ડથી રૂા.૧૦૦ થી રૂા. ૧૦૦૦૦ ઉપાડ
- આધારકાર્ડથી રૂા.૧૦૦ થી રૂા. ૧૦૦૦૦ ઉપાડ તથા જમાં
- ખાતા નં. થી ભગવતી સર્કલ SBI માં રૂા. ૧૦૦ થી રૂા. ૨૦૦૦૦ જમાં થશે (SBI ની કોઈ બીજી બ્રાંચ માં ટ્રાન્સફર પર ચાર્જ લાગશે)
- રૂા. ૧૨ વાળો વિમો ૧ વર્ષ અકસ્માતે મૃત્યુ રૂા. ૨,૦૦,૦૦૦ મળવા પાત્ર
- રૂા. ૩૩૦ વાળો વિમો ૧ વર્ષ કુદરતી મૃત્યુ રૂા. ૨,૦૦,૦૦૦ મળવા પાત્ર
- રૂા. ૧૦૦૦ થી રૂા. ૫૦૦૦ સુધીનું અટલ પેન્શન યોજના
- RD ખાતુ ખોલી આપીશું.
- જનધન ખાતું ખોલી આપીશું.

**SBI બેંક પાસબુક માં એન્ટ્રી પાડી આપવામાં આવશે.**
નોંધ : બારકોડ સ્ટીકર ફરજીયાત લગાવેલું જોઈશે.

- LIC નો નવા વિમા માટે મળો.
- LIC પ્રિમીયમ ભરી આપીશું
- LIC પોલીસી ને લગતી તમામ સર્વિસ આપવામાં આવશે.
- SBI જનરલનો મેડિકલ વિમા માટે મળો.
- ફાસ્ટેગ કાઢી આપીશું


LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA


FASTag
Easy to Cruise

- થર્ડપાર્ટી તથા ફુલ વિમા કરી આપીશું (ટુવ્હિલર તેમજ ફોર વ્હિલર)
- કોમ્પ્યુટરના C.C.C કોર્ષ માટે મળો
- નવોદય ઓનલાઈન ફોર્મ ભરવા માટે મળો.

**तत्काल मनीट्रान्सफर**
**તત્કાલ મની ટ્રાન્સફર કરી આપીશું.**

ટાઢા ભાવેશ
મો. ૯૫૧૦૩ ૮૯૮૮૮







# રાધેક્રિષ્ના

## મંડપ ડેકોરેશન એન્ડ લાઈટ ડેકોરેશન

**કોલ્ડ ફાયર, વેડિંગ ફોગ એન્ટ્રી, ફેન્સી લગ્ન મંડપ, ગેટ, એન્ટ્રી, રિસેપ્શન સ્ટેજ તથા લાઈટ ડેકોરેશન માટે મળો.**

**શિવમ્ ફ્લેટ, માસુમભાઈની વાડી, મહુવા.**

## સમાચાર દર્પણ



**જ્ઞાતિ ભોજન :** મહુવા નિવાસી કાળુભાઈ તથા પુનાભાઈ તથા રાજુભાઈ ખોડિફાડના ભાઈ તથા ભાવેશભાઈ મનુભાઈ ખોડિફાડ (ગણેશ પ્રોવિઝન સ્ટોર - મહુવા) ના પિતાશ્રી સ્વ. મનુભાઈ બચુભાઈ ખોડિફાડ (દૂધવાળા) તા. ૯/૩/૨૧ના રોજ અક્ષરવાસી થયેલ છે. તેમના ઉત્તરકારજ નિમિત્તે તા. ૨૦/૩/૨૧ ના રોજ મહુવા ખરક જ્ઞાતિ સમૂહ ભોજન (નાત) સોનાવાલા બાગ, બારપરા મહુવામાં રાખવામાં આવેલ. આ ઉપરાંત માનવ પરિવાર ટ્રસ્ટ (મંદબુદ્ધિ સંસ્થા) સોનગઢને તિથિ ભોજન પણ આપેલ છે. સમગ્ર મહુવા ખરક જ્ઞાતિ ખોડિફાડ પરિવારનો આભાર માને છે.



**રસીકરણ કેમ્પ (મહુવા) :** મહુવા ખરક જ્ઞાતિ ટ્રસ્ટ, અર્બન હેલ્થ સેન્ટર-૧ તથા શ્રી મહુવા ખરક જ્ઞાતિ વેપારી એસોસીએશન દ્વારા સોનાવાલા બાગ, બારપરા, મહુવા ખાતે તા. ૨૫/૩/૨૧ના રોજ યોજાયેલ કોરોના રસીકરણ કેમ્પમાં ૩૭૫ ભાઈ-બહેનોને રસી મૂકવામાં આવી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા વેપારી એસોસીએશનના પ્રમુખ શ્રી જયસુખભાઈ આર. સેંતા તથા વિનોદભાઈ કે. ખોડિફાડ તથા તેમની ટીમે સારી જહેમત ઊઠાવી જયારે અર્બન હેલ્થ સેન્ટરના ડૉક્ટરશ્રીઓ મુકેશભાઈ ભોજાણી તથા પ્રવીણભાઈ કામળિયા સાહેબનું વિશેષ યોગદાન રહ્યું.



**સ્તુત્યકાર્ય :** મોરંગી ગામના અને કિસાન સોસાયટી મહુવામાં રહેતા વળિયા અજયભાઈ ભુરાભાઈ હાલ રાજુલા ખાતે ઈમરજન્સી મેડિકલ ટેકનિશીયન (E.M.T.) તરીકે ૧૦૮ એમ્બ્યુલન્સમાં નોકરી કરે છે. વૈશ્વિક મહામારીની પરિસ્થિતિમાં તેમની ટીમે રાત દિવસ જોયા વગર ખડે પગે સેવા કરેલ તેઓને બીરદાવવા 'ધ કીંગ ન્યુઝ' તેમનું સન્માન કરેલ. સાવરકુંડલાના આંબરડી ગામની સીમમાં ખેત મજુર ગર્ભવતિ મહિલાને પ્રસૃતિ પીડા ઉપડતા તેમને હૉસ્પિટલે લઈ જતાં હતાં ત્યારે રસ્તામાં જ પીડા ઉપડતા અજયભાઈ તથા ભરતભાઈએ એમ્બ્યુલન્સમાં જ ડીલીવરી કરાવી. બાળક તથા માતાના જીવ બચાવી લીધા. જ્ઞાતિના યુવાનોમાં પણ 'હાર્ડ વર્ક' અને 'પ્રમાણિક પ્રયત્ન' ના ગુણ જોવા મળે છે તે બતાવે છે કે જ્ઞાતિનું ભવિષ્ય ઉજ્જવળ છે. અભિનંદન અજયભાઈ!

## શુભ વેવિશાળ

દાઠા નિવાસી રાજુભાઈ કાળુભાઈ વળિયાના પુત્ર **ચિ. ગૌતમકુમાર** નું શુભ વેવીશાળ **ચિ. કાજલ** મોરંગી નિવાસી બાબુભાઈ ભટુરભાઈ પટેલિયાની પુત્રી સાથે તા. ૧૫/૩/૨૧ના રોજ થયું.

## અવસર – દર્પણ



**ભાવનગર :** ડૉ. બ્રિજેશ શાહની હૉસ્પિટલ મેરુ નર્સિંગ હોમમાં મહુવાના વતની ડૉ. અંકિતભાઈ ખોડિફાડ (M.B.B.S. Ms. Fijr) કન્સલટન્ટ ટ્રોમા એન્ડ જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન તા. ૮/૩/૨૧થી હાડકા તથા સાંધાના રોગના નિષ્ણાંત તરીકે જોડાયા. સરનામું : ચીતરંજન ચોક, વિદ્યાનગર, ભાવનગર-૨. ફોન : હૉસ્પિટલ : ૦૨૭૮ ૨૫૧૭૧૧ મો. ૯૪૨૭૦ ૧૧૬૯૭ મો. ૭૯૮૪૨૨૩૬૧૩



**ભાવનગર :** દાઠાના વતની ડૉ. અનિલ કેશવભાઈ સેંતા (B.D.S.) દ્વારા તા. ૨૮/૩/૨૧ ના રોજ શુભ ડેન્ટલ ક્લિનિક નો શુભ આરંભ પૂ. માતા-પિતાના વરદ્ હસ્તે કરવામાં આવ્યો. તેઓ સદ્દભાવના હૉસ્પિટલ કળસાર તથા ધરમશી દેસાઈ યુનિ. નડિયાદમાં બહોળો અનુભવ લઈ ચૂકયા છે. સરનામું : ૯, ઓમકાર કોમ્પ્લેક્ષ, ડૉ. બાલાણી સાહેબની હૉસ્પિટલની બાજુમાં, હેપી હોમની સામે, ભાવનગર. મો. ૮૦૦૦૩ ૪૧૦૦૬



**મહુવા :** સ્વ. ડૉ. રાજુભાઈ કાબાભાઈ સેંતાના પુત્ર ડૉ. રાહુલ આર. સેંતા (B.H.M.S. PGDEMS) ફેમિલી ફિઝીશ્યન અને સર્જન દ્વારા તા. ૧૬/૩/૨૧ના રોજ શ્રી ક્રિષ્ના હેલ્થ કેર એન્ડ ડે કેર ક્લિનિક નું શુભ ઉદ્‌ઘાટન તેઓશ્રી માતૃશ્રી ગં.સ્વ. રામુબેન સેંતાના હસ્તે કરવામાં આવ્યું. ડૉ. રાહુલભાઈ બજરંગદાસબાપા, ભાવનગર. હનુમંત હૉસ્પિટલ તથા યુનિટ હૉસ્પિટલ મહુવામાં બહોળો અનુભવ લઈ ચૂકયા છે. સરનામું : પ્લોટ નં. ૫૧, મહાકાળી મંદિર સામે, મોટા જાદરા રોડ, મહુવા. મો. ૮૯૦૫૦ ૦૪૭૯૯

**અંકલેશ્વર :** અંકલેશ્વરમાં વસતાં આપણા જ્ઞાતિબંધુઓએ જ્ઞાતિની વાડી બનાવવા માટે ૧૩૧૯ ચો. મિ. જગ્યા ગાર્ડનસીટી વિસ્તારમાં ખરીદી તે જ્ઞાતિ માટે સારા સમાચાર છે.

ભરૂચથી ૧૫ કિ.મી. અને સુરતથી ૫૫ કિ.મી. દૂર આવેલ નેશનલ હાઈવે પર આવેલ અંકલેશ્વરમાં ૧૯૯૨માં સૌ પ્રથમ મનસુખભાઈ સેંતા (તળાજા) આવી અને અહીં સ્થિર થયા તેમજ ડૉ. બી.ટી. વળિયા પરિવારના જયેશભાઈ તથા વલ્લભભાઈએ પાનોલી વિસ્તારમાં ફેકટરી શરૂ કરેલ છે. આજે આપણા ભાઈઓની ૭૮ દુકાનો છે. જયારે ૧૦ જેટલા નોકરિયાત પણ રહે છે. મોટાભાગના લોકો હાર્ડવેર, ઈલેક્ટ્રીકલ અને કેમિકલના વ્યવસાયમાં છે. વિપરીત આબોહવામાં યુવાનો ૭૦ થી ૮૦ કિ.મી. દૂર દહેજ સુધી માર્કેટીંગ અને ડીલીવરી કરવા જાય છે. વળિ રવિવારે મજાના ક્રિકેટ રમે છે.જ્ઞાતિના પ્રથમ પ્રમુખ તરીકે મનસુખભાઈ સેંતાએ સારી કામગીરી બજાવી સૌને મદદરૂપ થયેલ. હાલ પ્રમુખ તરીકે શ્રી વિમલભાઈ કાનજીભાઈ ઠંઠ (જસપરાવાળા) તથા ઉપપ્રમુખ તરીકે વિપુલભાઈ પટેલિયા કામગીરી કરી રહ્યા છે.

## સાયબર સફર

**જ્ઞાતિ - વડલો :** રાજેશ ખોડિફાડ (કુંઢડા) અશોક કુચા (જસપરા) અને અશોક પટેલિયા (મોરંગી) હાલ વસઈ રહેનાર મિત્રોએ ૪૦૦થી વધુ ગુજરાતી સમાજને જોડતી અને દસ લાખથી વધુ ડાઉનલોડ થયેલી કોમ્યુ ટ્રી (CT) એપમાં જ્ઞાતિબંધુઓને જોડી નોંધપાત્ર કામ કર્યું છે. 'ટીપે ટીપે સરોવર ભરાય' તેમ કોમ્યુ ટ્રીમાં આજે આપણી જ્ઞાતિની ૩૭,૩૧૧ પ્રોફાઈલ બની ગઈ છે. ચાલો, તમે પણ આજે જ એપ ડાઉનલોડ કરી CT પરિવારના સભ્ય બનો.

https://play.google.com/store/apps/details?id=com.commutree&referrer=utm_source%3DCTShare224%26c%3D224

**મનોરંજન :** ગુજરાતી નાટકમાં આ નાટક તમને મજા કરાવશે. જોશો ને?

બાએ મારી બાઉન્ડરી

https://www.youtube.com/watch?v=Bmv5g26CWgY

**આરોગ્ય :** BAPS સંસ્થા રાજકોટ દ્વારા યોજાયેલ કોરોના સાવધાની સમારોહ જુઓ Take Care

https://www.youtube.com/watch?v=mqmloxLcmeY&feature=youtu.be

**મોટીવેશન :** જાણીતા વકતા કાજલ ઓઝા વૈદ્ય પરિવારના સુખનો સંદેશો લઈને આવે છે દરેક બહેનોએ અવશ્ય જુએ.

https://www.youtube.com/watch?v=66lQJlx4sbg&feature=youtu.be

**મહેફીલ :** મનહર ઉધાસના મધુરકંઠે માણીએ એક રોમેન્ટીક ગજલ નયનને બંધ રાખીને...

https://www.youtube.com/watch?v=g6UiqaJO7a0&feature=youtu.be

**ભજન-રસ :** જ્ઞાતિમાં પ્રથમ ભજનિક કહી શકાય તેવી દેવલીના વતની હાલ વિરાટનગર, નિકોલમાં રહેતા પ્રકાશભાઈ દામજીભાઈ સોલંકી માત્ર નવ ચોપડી ભણેલ છે પરંતુ તેમના કંઠે ભજન સાંભળવા એક લ્હાવો છે. કોઈ શુભ ધાર્મિક પ્રસંગે યાદ કરશો. મો. ૯૭૨૩૦ ૨૩૬૭૭

લળી લળી લાગુ પાય

https://www.youtube.com/watch?v=aX7m7X3iXeM

ગાયોના ગોવાળ મારા

https://www.youtube.com/watch?v=ZroC3kjdleM

આજ પૂજન

https://www.youtube.com/watch?v=qkoE1tLNPC4&feature=youtu.be

**ખરક સમાજ દર્પણ :** જો તમે ખરક સમાજ દર્પણ સાથે હજુ સુધી નથી જોડાયા તો આ લીંક દ્વારા આજે જ જોડાજો.

https://chat.whatsapp.com/FsyvgcNPbjADuE0Vh1UAti